INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૩-૦૮-૨૦૨૫**

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા "દાદાના બુલડોઝરનો" ભોગ બનેલા પીડિત પરિવારોની મુલાકાતે.

- **ભાજપ સરકારની ગરીબ વિરોધી નીતિઓ તથા વિકાસના નામે બેઘર કરાયેલા લોકો માટે અવાજ એટલે "મારું ઘર- મારું સ્વાભિમાન" આંદોલન**
- **દાદાના અન્યાયી બુલડોઝરનો ભોગ બનેલા સમગ્ર ગુજરાતના પરિવારોને ન્યાય અપાવવા કોંગ્રેસ સંકલ્પબધ્ધ છે : શ્રી અમિત ચાવડા**

### મારું ઘર- મારું સ્વાભિમાન આંદોલન

અમદાવાદના સાબરમતી અને સરખેજ ખાતે ગરીબો અને વંચિતોના હક અધિકારની લડતને ન્યાય અપાવવા, દાદાના બુલડોઝરનો ભોગ બનેલા પીડિત પરિવારોની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ મુલાકાત કરીને તેમની વ્યથા અને આપવીતી સાંભળીને ન્યાય અપાવવા ખાત્રી આપી હતી તથા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે અન્યાયકારી ભાજપ સરકારની બુલડોઝર નિતિથી પીડિત પરિવાર સાથે સંવાદ કરી તેમની વેદના જાણી, ભાજપ સરકારની ગરીબ વિરોધી નીતિઓ તથા વિકાસના નામે બેઘર કરાયેલા લોકો માટે કોંગ્રેસ મજબૂતાઈથી અવાજ ઉઠાવશે અને સમગ્ર ગુજરાતમાં ભાજપની અન્યાયી નીતિથી બેઘર બનેલા પરિવારો માટે "મારું ઘર- મારું સ્વાભિમાન" આંદોલનનો સંકલ્પ લઈએ છીએ. જે પ્રમાણે આઝાદીના લડવૈયાઓએ દમનકારી અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડી હતી એ જ પ્રમાણે હવે આ સરમુખત્યારશાહી ભાજપ શાસન સામે એક નવી આઝાદીની લડાઈ લડવાનો સમય આવી ગયો છે.

પ્રદેશ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાની આગેવાનીમાં ઉપરોક્ત "મારું ઘર મારું અભિમાન" આંદોલન કાર્યક્રમમાં અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી સોનલબેન પટેલ, ધારાસભ્ય શ્રી ઈમરાન ખેડાવાલા, મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા શ્રી શહેજાદખાન પઠાણ, મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપનેતા શ્રી નિરવ બક્ષી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો કાર્યકર્તાઓ અને પીડિત પરિવારો જોડાયા હતા.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
9898233038